**આંક–૯**

# <u>ભરૂચની મજુર અદાલત નં–૧ ના કામદાર વળતર ધારા હેઠળના કમિશ્નરશ્રી એન.એ.ઈજનેર સમક્ષ</u>

**વ.કો.એગ્રીમેન્ટ નં–૧૧/૨૦૨૨**

**<u>અરજદાર</u>** : આર. પી. ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં–૩૧૪–૩૧૫,
જી.આઈ.ડી.સી. એસ્ટેટ, પાનોલી,
તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

–:– <u>વિરૂધ્ધ</u> –:–

**<u>સામાવાળા</u>** : રામનાથ એમ. યાદવ
બકસૈલા, ગોંડા, બકસૈલા,
ઉત્તરપ્રદેશ–૨૭૧૪૦૧.

**<u>હાજર રહ્યા</u>** : અરજદાર તરફે વકીલશ્રી અશ્વિનભાઈ ખંભાતા.
સામાવાળા તરફે વકીલશ્રી અંકીતા પાંડે.

## –:– <u>હુકમ</u> –:–

(૧) આ કામના સામાવાળા કામદારશ્રી રામનાથ એમ. યાદવ તથા તેમના વકીલશ્રી અંકીતા પાંડે હાજર છે.

અરજદાર આર. પી. ઈન્ડસ્ટ્રીઝ તરફથી જરૂરી દસ્તાવેજો રજુ કરી આંક–૨ થી તેમનું વકીલાતનામું રજુ કરી અકસ્માત ઈજા વળતરની રકમ જમા કરાવવામાં આવેલ છે. જે રકમ રૂ.૫,૧૭,૭૫૨/– કામદાર કબુલ મંજુર રાખે છે. જે ચલણને આંક–૩ આપવામાં આવેલ છે.

સદર કામે ઈજા વળતરની રકમ જમા થતાં અત્રેથી સદર કામના પક્ષકારોને આંક–૪ થી તા.૦૩–૧૧–૨૦૨૨ ના રોજ આર.પી.એ.ડી. થી નોટીસ કરવામાં આવેલ.

સદર કામના સામાવાળા તરફેના વકીલશ્રીએ હાજર રહી આંક–૫ થી તેમનું વકીલાતનામું રજુ કરી આંક–૬ થી એગ્રીમેન્ટ રજીસ્ટર કરવા સોગંદનામા સહિતની અરજી આપવામાં આવેલ.

ત્યારબાદ સામાવાળા કામદાર તરફે માર્ક–૭/૧ થી સામાવાળા કામદારના આધારકાર્ડની નકલ તથા માર્ક–૭/૨ થી સામાવાળા કામદારને સંસ્થાએ આપેલ ઓળખકાર્ડની નકલ રજુ કરવામાં આવેલ છે. આંક–૮ થી અરજદાર સંસ્થાનું "ના વાંધા" પ્રમાણપત્ર રજુ કરવામાં આવેલ છે.

**(૨)** કામદારને થયેલ ઈજા તથા વિગતો તથા રજુ દસ્તાવેજો જોતાં અરજદાર આર. પી. ઈન્ડસ્ટ્રીઝનાએ જમા કરાવેલ અકસ્માત ઈજા વળતરની રકમ રૂ.૫,૧૭,૭૫૨/– (અંકે રૂપીયા પાંચ લાખ સત્તર હજાર સાતસો બાવન પુરા) યોગ્ય અને ન્યાયી હોઈ એગ્રીમેન્ટ રજીસ્ટર કરવામાં આવે છે.

આર. પી. ઈન્ડસ્ટ્રીઝ તરફથી જમા કરાવેલ અકસ્માત ઈજા વળતરની રકમ રૂ.૫,૧૭,૭૫૨/– (અંકે રૂપીયા પાંચ લાખ સત્તર હજાર સાતસો બાવન પુરા) થાય છે. તે રકમમાંથી સામાવાળા કામદાર રામનાથ એમ. યાદવને રૂ.૭૭,૭૫૨/– (અંકે રૂપીયા સીત્તોતેર હજાર સાતસો બાવન પુરા) જરૂરી ઓળખાણ લઈ એકાઉન્ટ પેયી ચેકથી ચુકવી આપવા તથા બાકી રકમ રૂ.૪,૪૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ ચાલીસ હજાર પુરા) ની એફ.ડી. કામદાર રામનાથ એમ. યાદવ તથા એકસ ઓફીસીયો કમિશ્નરશ્રીના સંયુકત નામે પાંચ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** બેંકે એકસ ઓફીસીયો કમિશ્નરશ્રીની પરવાનગી સિવાય એફ. ડી. ની રકમ ઉપાડવી કે ગીરોખત મુકવી નહિં. એફ.ડી. ઉપર મળવાપાત્ર થતું ત્રિમાસીક વ્યાજ સામાવાળા કામદાર રામનાથ એમ. યાદવને બેંકે બારોબાર ચુકવી

આપવાનું રહેશે. બેંકે રસીદની ઝેરોક્ષ કોર્ટમાં આપવાની રહેશે તથા અસલ રસીદ સામાવાળા કામદાર રામનાથ એમ. યાદવને આપવી.

હુકમ આજરોજ તા.૧૩–૧૨–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખઃ ૧૩/૧૨/૨૦૨૨**
**સ્થળઃ ભરૂચ**

**(નિલેશ અશોકભાઈ ઈજનેર)**
**જીજે૦૦૪૮૪**
**કામદાર વળતર ધારાના કમિશ્નર**
**મજુર અદાલત નં–૧, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર